# NATIONAL ASSOCIATION FOR THE BLIND
# ANAND
## (રાષ્ટ્રીય અંધજન મંડળ - આણંદ)

રાષ્ટ્રીય અંધજન મંડળ આણંદ જિલ્લા શાખા

વાર્ષિક અહેવાલ

વર્ષ-APRIL 2023 TO MARCH 2024

DJ HOSTEL, NEAR PANCHAYAT HOSPITAL, NANA BAJAR, VALLABH VIDYANAGAR - 388120

MO. 9925235528, 9499613337

**WEBSITE:** www.nabanand.org **GMAIL :** nabanand@gmail.com

## કોલેજ સાથે એમ ઓ યૂ

તા :-2/4/2023 ના રોજ આણંદ કોમર્સ કોલેજ અને રાષ્ટ્રિય અંધજન મંડળ જિલ્લા શાખા , આણંદ વચ્ચે એમ ઓ યુ સાઈન થયું .આણંદ કોમર્સ કોલેજ અને રાષ્ટ્રિય અંધજન મંડળ જિલ્લા શાખા આણંદ વચ્ચે બંને સંસ્થાના હીત માટે તેમજ બંને સંસ્થાના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ,સમાજલક્ષી પ્રવતિઓને વેગ આપવા તેમજ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓની અભ્યાસ તેમજ ઈત્તર અભ્યાસ પ્રવૃતિઓને માર્ગદર્શન ,મહાવરો તેમજ નિદર્શન પૂરું પાડવા આણંદ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ ડો.વિજયસિંહ એમ વનાર તેમજ રાષ્ટ્રિય અંધજન મંડળ જિલ્લા શાખા આણંદ ના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ દ્વારા આ એમ ઓ યુ સાઈન થયો ,એમ ઓ યુ ની સમગ્ર પ્રકિયામાં આણંદ કોમર્સ કોલેજના અંગ્રેજી વિષયનાં અધ્યાપિકા ડો.કાજલ નિર્મલા ભરત રાવ સક્રિય રહી ,આયોજન કરી ભારે જહેમત ઉઠાવી હતી.



## વિશિસ્ઠ એવાર્ડ બદલ સન્માન સમારોહ

તા -29/4/2023 રાષ્ટ્રીય અંધજન મંડળ વિ. વિ. નગર ખાતે ફિક્કી ફ્લો (FICCI FLO) રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા સુધાબેન કે. પટેલ નો સન્માન સમારોહ રાષ્ટ્રીય અંધજન મંડળ– આણંદ (ડી. જે. હોસ્ટેલ - વિ. વિ. નગર) ખાતે સંસ્થાના સેક્રેટરી શ્રીમતિ સુધાબેન પટેલને તાજેતરમાં દિલ્હી ખાતે ફિક્કી ફ્લો (FICCI FLO) દ્વારા પ્રાપ્ત થયેલ વિશિષ્ટ એવોર્ડ માટે સંસ્થા તરફથી સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાયો. આ એવોર્ડ તેમણે દિવ્યાંગ મહિલા હોવા છતાં સાહસિક, વ્યાવસાયી, ભુતપૂર્વ સરપંચ – (ચાંગા), રાષ્ટ્રીય અંધજન મંડળ ના જનરલ સેક્રેટરી તેમજ જલારામ જનસેવા ટ્રસ્ટમાં વિશિષ્ટ



શિક્ષક તરીકે દિવ્યાંગ સમાજ માટે ઉત્તમ સેવાકાર્યો માટે મેળવેલ છે. આ પ્રસંગે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. નિરંજનભાઈ પટેલ, શ્રીમતિ નિપાબેન પટેલ (ચેરમેન – નિવેદિતા ફાઉન્ડેશન- ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા પ્રદેશમંત્રી) કિરણભાઈ પટેલ (કમ્ફી ફર્નિચર), શ્રી વિજયસિંહ વનાર (આચાર્ય શ્રી આણંદ કોમર્સ કોલેજ તથા ગુજરાત રાજ્ય આચાર્ય મંડળ ઉપપ્રમુખ), શ્રી ચૈતન્ય સાંગાણીજી (નાયબ મામલતદારશ્રી) ડૉ. સુલભા નટરાજ- આંતરરાષ્ટ્રીય કેળવણીકાર, NRI બિઝનેશ વુમન શાંતાબેન પટેલ, ભારતીબેન પટેલ (પ્રમુખ – જાગૃતિ મહિલા સમાજ), અલકાબેન નિકુલભાઈ પટેલ (નારાયણ ફાઇનાન્સ), ડૉ. કાજલ નિર્મલા બી. રાવ – જાણીતા સમાજ સેવક, ગીનીઝ બુક રેકોર્ડ હોલ્ડર, સંસ્થાના ટ્રસ્ટી શ્રી રાધાબેન પટેલ, ઉપપ્રમુખ ડૉ. મેઘનાબેન જોષી, પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ બી. પટેલ હાજર રહ્યા હતા.આમંત્રિત મહાનુભાવોએ સુધાબેનના સેવાકાર્યોની ખૂબ પ્રશંશા સાથે એવોર્ડ મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન સંસ્થામાં રહી છેલ્લા સાતેક વર્ષથી બી. એ. ગોલ્ડ મેડલ સહિત, એમ. એ., બી.એડ. વગેરે શિક્ષણ મેળવીને તાજેતરમાં NET – EXAM અને JRF જેવી આસિસ્ટન્ટ પ્રોફેસરની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ દિવ્યાંગ વિદ્યાર્થી તરીકે સંસ્થાને ગૌરવ અપાવનાર વિદ્યાર્થી શ્રી ભુટાભાઈ રાજાભાઈ ઓડેદરાનું પણ સન્માન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન સંસ્થાના ઉપપ્રમુખ શ્રીમતિ ડૉ. મેઘનાબેન જોષી દ્વારા કરવામાં આવ્યું. આમંત્રિત મહેમાનો, પત્રકારમિત્રો સહિત સર્વેનો આભાર સંસ્થાના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો. કાર્યક્રમ દરમ્યાન સંસ્થાના બાળકો દ્વારા સુંદર પ્રાર્થના ગીત રજૂ કરવામાં આવ્યું.

## પીઠી પ્રસંગ




તા -13/5/2023 ના રોજ સંસ્થા માં રહેતી જયાં ના લગ્ન નિમિતે સંસ્થા દ્વારા તેને પીઠી નો પ્રસંગ ઉજવામાં આવ્યો.આ પ્રસંગે સંસ્થા ના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ પટેલ,માનદ મંત્રી સુધાબેન પટેલ ,ટ્રસ્ટી રાધાબેન પટેલ તેમજ ઉપપ્રમુખ શ્રી મેઘનાબેન જોશી તેમજ મહેમાનો ઉપસ્થિત રહ્યા,

## યોગ દિવસ ની ઉજવણી



તા:-21/6/2023 ના રોજ શાસ્ત્રી મેદાન,વી.વી.નગર માં યોગ દિવસ ની ઉજવણી કરવામાં આવી,જેમાં જિલ્લા ની ઘણી સંસ્થાઓ એ ભાગ લીધેલ.જેમાં અમારી સંસ્થા ના પ્રજ્ઞાચક્ષુ બાળકો એ ભાગ લીધેલ..આ પ્રસંગે સંસ્થા ના પ્રમુખશ્રી મહેન્દ્રભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## મેડિકલ કેમ્પ નું આયોજન



તા;-25/6/2023 રાષ્ટ્રીય અંધજન મંડળ જિલ્લા શાખા આણંદ ખાતે વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક આરોગ્ય તપાસ કાર્યક્રમ યોજાયો જેમાં ડો.સંકેત પટેલ તેમજ ડો.ખુશાલી પટેલ (ગાયનેક) નરસંડા ની નિઃશુલ્ક સેવાઓ પ્રાપ્ત થઈ હતી.આ આરોગ્ય તપાસના સ્પોંસર શ્રીમતી રેખાબેન પટેલ હતા જેમણે પોતાની દિકરી વૃત્તિ પટેલના જન્મદિવસ નિમિતે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે આરોગ્ય તપાસ કાર્યક્રમનું ખાસ આયોજન કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓએ ૐકાર અને પ્રાર્થના દ્વારા કરી હતી, સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ એ મહેમાનોને આવકાર્યા, સંસ્થાના ઉપપ્રમુખ ડો.મેઘા જોષી એ સંસ્થા પરિચય આપ્યો, ડો. ખુશાલીબેન પટેલ (ગાયનેક) દ્વારા પ્રજ્ઞાચક્ષુ દીકરીઓની આરોગ્ય તપાસ કરાઈ, જરૂરી માર્ગદર્શન અને દવાઓ આપવામાં આવી હતી જયારે ડો. સંકેતભાઈ પટેલ દ્વારા પ્રજ્ઞાચક્ષુ દીકરાઓની તપાસ કરાઈ, જરૂરી માર્ગદશન અને દવાઓ આપવામાં આવી હતી.આ કાર્યકર્મમાં ગિનિસ વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર, જાણીતા સોશ્યલ એકટીવિસ્ટ, જર્નાલિસ્ટ, યોગ થેરાપિસ્ટ, અલ્ટરનેટિવ થેરાપિસ્ટ અને એજ્યુકેશનિસ્ટ ડો. કાજલ નિર્મલા ભરત રાવની નિઃશુલ્ક સેવાઓ મળી હતી, સંસ્થાના ટ્રસ્ટી શ્રી અલ્પેશભાઈ પટેલ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા, સંસ્થાના કર્મચારીઓ નો સહયોગ મળ્યો હતો. કાર્યક્રમના અંતે પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પટેલ દ્વારા ડોક્ટર્સની નિઃશુલ્ક સેવાઓને બિરદાવીને આભાર વિધિ કરાઈ હતી.



## હેલેન કેલર ડે જન્મજયંતી ની ઉજવણી



તા. ૨૭-૦૬-૨૦૨૩ રોજ રાષ્ટ્રીય અંધજન મંડળ – આણંદ દ્વારા પ્રજ્ઞાચક્ષુ સમાજના પ્રેરણા મુર્તિ શ્રી હેલન કેલરનો જન્મદિન આણંદ – લાયન્સ હૉલ ખાતે ઉજવવામાં આવ્યો. જેમાં મુખ્ય મહેમાન શ્રી ધર્મેન્દ્રભાઈ જે. પટેલ (ચેરમેન – ચરોતર ગેસ, જે. ડી. બિલ્ડર્સ) હાજર રહ્યા હતા. પ્રાસંગિક ઉદબોધન મુખ્ય વક્તા શ્રી યાહયા સપાટવાલા (DIET – BARODA) એ મહેમાનો તથા પ્રજ્ઞાચક્ષુ બાળકોને હેલન કેલર ની જીવની તથા વિશેષતાઓ સાથે સમાજે  શું પ્રેરણાઓ મેળવવી તે સમજાવ્યું હતું. અન્ય મહેમાન ગણમાં શ્રીમતિ નિપાબેન પટેલ (ચેરપર્સન – નિવેદિતા ફાઉન્ડેશન, ભા.જ.પા. મહિલા મોરચા પ્રદેશ મંત્રી), ડૉ. નિરંજનભાઈ પટેલ (કુલપતિશ્રી સરદાર પટેલ યુનિવર્સીટી), શ્રી તારકભાઈ લુહાર (જનરલ સેક્રેટરી – એન. એ. બી. - રાજ્ય શાખા), શ્રી રમેશભાઈ પટેલ (પ્રમુખશ્રી – લાયન્સ ક્લબ – આણંદ) વગેરે એ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ સાથે સંસ્થાની વિદ્યાર્થીની પ્રીતિબેન પટેલે હેલન કેલરના જીવનનો સુંદર ચિતાર આપ્યો હતો.  આ પ્રસંગે સંસ્થા તરફથી વિશિષ્ટ સિદ્ધિઓ માટે રાષ્ટ્રીય અંધજન મંડળ –આણંદ સાથે સંકળાયેલા બાળકો ધ્વજ ધ્યાની (ચેસ-સ્ટેટ વિનર, યુટ્યુબર), આદિલ શેખ (આઈ. ટી. કુશળતા), રાહુલ સોલંકી (ક્લાર્ક – બેન્ક ઓફ બરોડા) , પ્રાચિ ડાભી (અભ્યાસ કુશળતા)વગેરેનું ભેટ સાથે સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમ્યાન જિલ્લાના પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ માટે જ્ઞાનવર્ધન હેતુ ખૂબ જ ઉપયોગી એવી ડિઝિટલ લાયબ્રેરી સંસ્થા ખાતે ચાલુ કરવામાં આવી તેનું અનાવરણ ઉપસ્થિત મહેમાનો દ્વારા કરવામાં આવ્યું.  મહેમાનોનું શબ્દપુષ્પથી સ્વાગત સંસ્થાના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું, સંસ્થાના ઉપપ્રમુખ શ્રીમતિ મેઘનાબેન જોશી એ સંસ્થા પરિચય આપી ભવિષ્યના લક્ષ્યાંકની માહિતી આપી. જનરલ સેક્રેટરી શ્રીમતિ સુધાબેન પટેલ દ્વારા સૌ મહેમાનોની આભારવિધિ કરવા આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયશ્રીબેન જોશી દ્વારા કરવામાં આવ્યું હતું.



## ગુરુપૂર્ણિમા ની ઉજવણી



ગુરુપૂર્ણિમા એટલે જ્ઞાન આશીર્વાદ અને ઋણભાવથી થવાનો અવસર તા:-3/7/2023 ના રોજ જ્ઞાન થી પૂજા તથા બાળકોના અદભુત સંગીત કીર્તન સાથે ગુરુપૂર્ણિમાનો પાવન દિવસ ઉજવાયો. મુખ્ય



મુખ્ય વક્તા શ્રીમતી વર્ષાબેન કપાસી( શ્રી રવિશંકર વિદ્યા મંદિરના)અને પ્રસંગિક ઉદબોધન સાથે આવેલ મહેમાન શ્રી ધીરુભાઈ પટેલ( મ્યુઝિક કોલેજ) ,શ્રી ગજેરા સાહેબ (નલીની કોલેજ) વગેરે મહેમાનો એ બાળકોને પ્રેરણાદાયક વક્તવ્ય આપ્યું.આ પ્રસંગને પાવક અનુભૂતિ સાથે ઉજવવામાં આવ્યો. કાર્યક્રમનું સુંદર સંચાલન સંસ્થાના ઉપપ્રમુખ મેઘા જોશી( ક્લિનિકલ સાયકોલોજીસ્ટ) દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પટેલ ,સેક્રેટરી સુધાબેન પટેલ, ટ્રસ્ટી શ્રી રાધાબેન પટેલ ,ભારતીબેન પટેલ( જાગૃતિ મહિલા સમાજ )અલ્પેશભાઈ ગોહિલ, સંસ્થાના કર્મચારીઓ તથા પ્રજ્ઞાચક્ષુ બાળકો સર્વે ગુરુ વંદના કરી અને સમગ્ર કાર્યક્રમનો પવિત્ર વાતાવરણ નો અહેસાસ કરાવ્યો હતો.

## રાખડી બનાવી



**રાષ્ટ્રીય અંધજન મંડળ, આણંદ, ડી.જે. હોસ્ટેલ ખાતે ક્રોસેટ ક્વીન્સ ગ્રુપ થતા જાગૃતિ મહિલા સમાજ ,આણંદ દ્વારા તા:-29/7/2023 ના રોજ પ્રજ્ઞાચક્ષુ બાળકો માટે ક્રોસેટ રાખી તથા પોમ પોમ(વુલ બનાવટ)માટે વર્કશોપ યોજાયો જેમાં સી.સી.ક્યૂ. ચરોતર ના ડાયરેક્ટર કોમલબેન પટેલ, જાગૃતિ મહિલા સમાજના પ્રમુખ ભારતીબેન પટેલ, સરોજબેન શાહ, નિમિષાબેન જાની ,મીનાબેન દલવાડી, મીતાબેન મિસ્ત્રી, મનીષાબેન સુમાર્યો ,સોનલબેન સુમાર્યો , રીમાબેન, ઇન્દુબેન વાઘેલા વગેરે હાજર રહી સંસ્થાના બાળકોને પ્રોત્સાહન સહિત તાલીમ આપી હતી. કાર્યક્રમના અંતે નિમિષા બેન જાની દ્વારા ચોકલેટ તથા બિસ્કીટ નું વિતરણ કરવામાં આવ્યું તેમજ ઇન્દુબેન વાઘેલા એ કપડાં નું વિતરણ કરેલ . એન.એ.બી.સંસ્થાના ઉપપ્રમુખશ્રી મેઘનાબેન જોશી તથા સમગ્ર કર્મચારી ગણ દ્વારા સૌને આભાર સહિત સુંદર સહકાર સાપડ્યો હતો.**

**ખૂબ જ ઉત્સાહ ઉમંગ ભર્યા માહોલ સાથે સંસ્થાના પ્રજ્ઞાચક્ષુ બાળકોએ સુંદર રાખી તથા પોમ પોમ બનાવ્યા હતા.**

## બાલ ગંગાધર તિલક ની પુણ્યતિથિ ની ઉજવણી



તા-1/8/2023 ના **રાષ્ટ્રીય અંધજન મંડળ, આણંદ, ડીજે હોસ્ટેલ ખાતે લોકમાન્ય બાલ ગંગાધર તિલકની પુણ્યતિથિ ને અનુલક્ષીને રાષ્ટ્રધર્મ પ્રચારક શ્રી ધર્મેન્દ્રભાઈ પાઠકના સહયોગથી નિકુલભાઇ પટેલ (નારાયણ ફાઈનાન્સ) ના મુખ્ય અતિથિ પદે રાષ્ટ્રધર્મ વિશે કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે શ્રી ધર્મેન્દ્ર પાઠક દ્વારા શહાદત કા મોલ કેલેન્ડર તેમજ તિરંગા સંદેશનું વિતરણ કરી બાળકો સાથે રાષ્ટ્રપ્રેમી સ્વાતંત્ર વીરોની શહાદતની સ્મૃતિ વિષયક ગોષ્ઠી કરી અને રાષ્ટ્રભક્તિ ગીતો સાથે સુંદર દેશભક્તિનો માહોલ બનાવ્યો. આ પ્રસંગે શ્રી લોકમાન્ય બાલ ગંગાધર તિલક ની જીવનકથા ને યાદ કરતા તેઓએ સ્વામી વિવેકાનંદને પોતાના નિવાસ્થાને બોલાવી વિચાર વિમર્શ બાદ નાગરિકોમાં જાગૃતિ અને એકતા માટે ગણેશ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો તે પ્રસંગ નું વર્ણન કર્યું હતું. આ કાર્યક્રમ માં નિકુલભાઇ ના પરિવારજનો, અલકાબેન, જયભાઈ ,માનસી બેન તેમજ સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ ,ઉપપ્રમુખ મેઘાબેન જોશી, સેક્રેટરી શ્રી સુધાબેન, ટ્રસ્ટી અલ્પેશભાઈ ગોહિલ ,રાધાબેન પટેલ,જાગૃતિ પટેલ તથા સમસ્ત કર્મચારી ગણ હાજર રહ્યા હતા.**

## ધ્વજવંદન કાર્યક્રમ



તા:-15/8/2023 ના રોજ રાષ્ટ્રીય અંધજન મંડળ, આણંદ ખાતે આપણા રાષ્ટ્રના 77 માં રાષ્ટ્રધ્વજને સંસ્થાના પ્રજ્ઞાચક્ષુ બાળકોના ગીત સંગીત સાથે શ્રી નિહિરભાઈ દવે( ડિસ્ટ્રીક ગવર્નર આર આઈ 3060) ના હસ્તે ધ્વજ વંદન કરાવી અને ઉજવણી કરવામાં આવી. અન્ય મહેમાનોમાં શ્રી પરેશભાઈ ઠક્કર (પ્રેસિડેન્ટ ઓફ રોટરી ક્લબ, આણંદ રાઉન્ડ ટાઉન ) શ્રી જનકભાઈ પટેલ( સાઈબાબા જનસેવા ટ્રસ્ટ) ડોક્ટર દીપકભાઈ શાહ( ઓર્થોપેડિક સર્જન આઇરિસ હોસ્પિટલ) હાજરી આપી હતી .પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પટેલ દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી અને સંસ્થા ના સેવા કાર્ય વિશે પરિચય આપ્યો .સમારંભના અધ્યક્ષ શ્રી નિહિરભાઈ દવે પ્રસંગિક ઉદબોધન સાથે સંસ્થાને  રોટરી ક્લબના સહયોગથી દિવ્યાંગ બાળકો માટે ઉપયોગી શૈક્ષણિક, વ્યવસાયલક્ષી તાલીમ તથા આરોગ્ય ચિકિત્સાને લગતા વિવિધ કાર્યક્રમો થકી મદદરૂપ થવા માટે જાહેરાત કરી હતી.આ પ્રસંગે સંસ્થા ના વિવિધ ક્ષેત્ર માં સિધ્ધી પામનાર બાળકો નું મહેમાનો દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.ડો.દીપકભાઈ શાહ અને પિનલબેન શાહ તરફ થી સંસ્થા ને 21000 રૂપિયાનું દાન આપેલ છે. શ્રી પરેશભાઈ ઠક્કર, જનકભાઈ પટેલ તથા ડોક્ટર દિપકભાઈ શાહ દ્વારા

પોતાના ક્ષેત્રના માધ્યમથી સંસ્થાને મદદ થવા જાહેરાત કરી હતી. કાર્યક્રમ દરમિયાન સંસ્થાના ટ્રસ્ટી રંજનબેન વાઘેલાં, ભારતીબેન પટેલ હાજર રહ્યા હતા અન્ય મહેમાનોમાં ડો.ઉમાબેન (આઈરિશ હોસ્પિટલ ), વૈશાલીબેન દવે, જીતુભાઈ રાસધારી ,વર્ષાબેન પટેલ, રીટાબેન( ગોજો શારદા મંદિર) મનિષાબેન સોલંકી, જાગૃતીબેન પટેલ ,સરોજબેન શાહ, ગગનભાઈ પંજાબી, ગોવિંદભાઈ પ્રજાપતિ, સુનિલભાઈ આડેસરા( પ્રસિદ્ધ ફોટોગ્રાફ્સ) જ્યોતિબેન પટેલ( ચરોતર સોગંદ ) સુમિબેન પટેલ (બીજલ ફાઉન્ડેશન) વિનુભાઈ પટેલ ,મિત પટેલ (સીએ) વિજયભાઈ પટેલ ,રૂપિતા સમીર પટેલ ચિલ્ડ્રન હોમ પરિવાર તથા કર્મચારીઓ વગેરે હાજર રહ્યા હતા. કાર્યકરનું સંચાલન અમિતભાઈ મોટાણી દ્વારા કરવામાં આવ્યું હતું .ઉપપ્રમુખ મેઘા જોશી દ્વારા આભાર વિધિ કરવામાં આવી.

## રક્ષાબંધન ની ઉજવણી

તારીખ 25/8/23 ના રોજ રાષ્ટ્રીય અંધજન મંડળ આણંદ જિલ્લા શાખા ખાતે પ્રજા પિતા બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય વિદ્યાનગર દ્વારા રક્ષાબંધનનો સુંદર આયોજન કરવામાં આવ્યું° પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ દ્વારા ભજન ગાય સાંજને ભક્તિમય બનાવેલ તેમજ બીકે વિનયભાઈ પંડ્યા, બીકે યોગેશભાઈ પટેલ તેમજ બ્રહ્માકુમારી કિંજલબેન દ્વારા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને રાખડી બાંધી અને તન,મન અને ધન થી સુખી રહે તેવા આશીર્વાદ આપ્યા°સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી મેઘનાબેન જોશી તેમજ સંસ્થાના કર્મચારી ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ તેમજ ઉપપ્રમુખ શ્રી મેઘનાબેન જોશી દ્વારા કરવામાં આવેલ.

## ગણેશ ઉત્સવનું આયોજન



રાષ્ટ્રીય અંધજન મંડળ આણંદ ,જિલ્લા શાખામાં 10 દિવસ માટે ગણેશ ઉત્સવનું આયોજન કરેલ છે. ફાઈન આર્ટસ કોલેજના વિદ્યાર્થીઓના સહયોગ થી ગણેશજીની મૂર્તિ બનાવવામાં આવી.તારીખ 19/ 9 /2023 ના રોજ ગણેશ સ્થાપન કરવામાં આવી.જેમાં બહોળી સંખ્યામાં ભક્તોએ ભાગ લીધેલ હતો અને બાળકો દ્વારા ગણેશજીના સ્વાગત ગીતો ગાઈ ભક્તિમય વાતાવરણ બનાવી દીધેલ.આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ આવેલ મહેમાનોનો આભાર માન્યો.ઉપપ્રમુખ શ્રી મેઘનાબેન જોશી એ કાર્યક્રમનું સંચાલન કરેલ.આ પ્રસંગે સંસ્થાના જનરલ સેક્રેટરી ચંદ્રકાંતભાઈ સોલંકી તેમજ ટ્રસ્ટી ભારતીબેન પટેલ રંજનબેન વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં મહેમાન તરીકે સુમી બેન પટેલ,નિશિતભાઈ પટેલ, જ્યોતિકાબેન પટેલ (તંત્રી ચરોતર સોગંદ) નિમેષભાઈ જોશી, જાગૃતિબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## ઉષા સિલાઈ તાલીમ ના ઉદઘાટન નો કાર્યક્રમ



તા 7/10/2023 ના રોજ રાષ્ટ્રીય અંધજન મંડળ આણંદ ખાતે બ્લાઇન્ડ પીપલ્સ એસોસિએશન અમદાવાદના સહયોગથી ઉષા ઇન્ટરનેશનલ દ્વારા પ્રાયોજિત ઉષા સિલાઇ ટ્રેનીંગ સ્કૂલ ના 10 દિવસીય પ્રોજેકટ નો ઉદઘાટન સમારોહ યોજાયો.

દિવ્યાંગ મહિલાઓના સશક્તિકરણ સ્વાવલંબન તથા સમરસના લક્ષ સાથે યોજાયેલ આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી આશાબેન દલાલ (સ્થાપક ચેરપર્સન જાગૃત મહિલા સંઘ) દ્વારા લાભ લેનાર મહિલાઓને પ્રેરણાત્મક ઉદબોધન દ્વારા સિલાઇ વ્યવસાય વિષયક ઉપયોગી જ્ઞાન સાથે, ઉજ્જવળ ભવિષ્યના લક્ષ્યાંક ને પહોંચવા માટે શું કરવું તેની સમજ આપવામાં આવી. અલકાબેન પટેલ (નારાયણ ફાઇનાન્સ) દ્વારા બહેનોની અંગત મુલાકાત સાથે હિંમતભેર આગળ વધવા માટે પ્રેરણાત્મક સંવાદ કરવામાં આવ્યો.

આ પ્રસંગે આણંદ જિલ્લામાં મહિલાઓ માટે સામાજિક કાર્ય કરતી સંસ્થાઓના અનેક પ્રતિનિધિ હાજર રહ્યા. આશાબેન દલાલ સ્થાપક ચેરપર્સન જાગૃત મહિલા સંઘ, અલ્કાબેન પટેલ નારાયણ ફાઇનાન્સ, મહેન્દ્રભાઇ પટેલ પ્રમુખ NAB, મેઘા જોષી ઉપપ્રમુખ NAB, ચંદ્રકાંતભાઇ સોલંકી મંત્રી NAB, ભરતભાઇ જોષી BPA, વિજય કુમાર ઉષા ઇન્ટરનેશનલ સ્ટેટ હેડ, ભારતીબેન પટેલ-જાગૃતિ મહિલા સમાજ- ટ્રસ્ટી NAB, સુધાબેન પટેલ ટ્રસ્ટી NAB, રાધાબેન પટેલ ટ્રસ્ટી NAB, અલ્પેશભાઇ  ટ્રસ્ટી NAB, જાગૃતીબેન પટેલ, ડો. સુમીબેન- કરમસદ બિજલ ફાઉન્ડેશન, હીનાબેન ભટ્ટ -આણંદ જિલ્લા મંત્રી ભા.જ.પા , રાખીબેન શાહ પૂર્વ ઉપપ્રમુખ  વલ્લભ વિદ્યાનગર નગરપાલિકા, હીનાબેન તડવી -આણંદ ટેરેસ શાળા, મનિષાબેન સોલંકી- સામાજિક કાર્યકર, પ્રમીલાબેન પટેલ લાયન્સ ક્લબ આણંદ, ગીતાબેન મહેતા જાગૃત મહિલા સંગઠન મંત્રી, ક્રિષ્નાબેન એલ ડાભી, જ્યોતિકાબેન ચરોતર સોગંધ મીડિયા, ડો. કાજલબેન રાવ સામાજિક કાર્યકર , {આરતીબેન, કેતનાબેન,ઉર્મિલાબેન, નીતાબેન,(રાજહંસ સોસાયટી)}

તથા અન્ય મહિલાઓની સૂચક હાજરી વચ્ચે સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના એડમિનિસ્ટ્રર ચાંદનીબેન ઓઝા દ્વારા કરવામાં આવ્યું. સંસ્થાની હાલની સેવાકીય પ્રવૃત્તિ તથા ભવિષ્યના લક્ષ્યાંક વિશે સંસ્થાના ઉપપ્રમુખ મેઘાબેન જોષી દ્વારા સુંદર માહિતી આપવામાં આવી. મુખ્ય મહેમાન ગણમાં સ્વાગત પરિચય સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ દ્વારા તથા આભાર વિધિ સંસ્થાના સેક્રેટરી ચંદ્રકાંત સોલંકી દ્વારા કરવામાં આવી.

સંસ્થાના પ્રજ્ઞાચક્ષુ બાળકોની સુંદર પ્રાર્થના સાથે શરૂ થયેલ આ કાર્યક્રમ માં સંસ્થાના સમગ્ર કર્મચારીગણ, પત્રકારો, લાભાર્થી બહેનો, ઉષા કંપનીના ટ્રેનર તથા અન્ય મદદનીશ કર્મચારીઓનો સુંદર સહકાર સાંપડ્યો.

## **શિરડી યાત્રા પ્રવાસ**

તા-11/10/2023 થી તા-14/10/2023 સુધી સાઈબાબા જનસેવા ટ્રસ્ટ ના જીતુભાઇ રાસધારી ના સહયોગ થી રાષ્ટ્રીય અંધજન મંડળ ના પ્રજ્ઞાચક્ષુ વિધ્યાર્થીઓ ને પ્રવાસ નું આયોજન કરવામાં આવ્યું.જેમાં શિરડી.શનીદેવ,ત્રંબકેશ્વર,નાસિક,સાપુતારા જેવા સ્થળો એ મુલાકાત લીધેલ.સંપૂર્ણ રહેવા ,જમવા તેમજ બસ ની સુવિધા પૂરી પાડેલ.

## ઉષા સિલાઈ તાલીમ ના સમાપન નો કાર્યક્રમ



તારીખ ૧૬-૧૦-૨૦૨૩ રોજ બ્લાઇન્ડ પીપલ્સ એસોસિએશન અમદાવાદના સહયોગથી ઉષા ઇન્ટરનેશનલ પ્રાયોજિત ઉષા સિલાઇ ટ્રેનિંગ સ્કૂલના સમાપન સમારોહમાં અધ્યક્ષ પદેથી શ્રી રાજેન્દ્રભાઈ પટેલ (પ્રમુખ આણંદ જિલ્લા ભારતીય જનતા પાર્ટી) દ્વારા આવા તાલીમ સાથે રોજગારીની ગેરેંટી સાથેના સેવાકીય કાર્ય ની પ્રશંસા કરવામાં આવી તથા આત્મનિર્ભર ભારતના લક્ષને પહોંચવા માટેના અનેકવિધ કાર્યક્રમમાં નો એક સુંદર સેવાકીય કાર્યક્રમ તરીકે વર્ણવ્યો હતો. દિવ્યાંગ મહિલાઓના સશક્તિકરણ, સ્વાવલંબન તથા સમરસતાના લક્ષ્ય સાથે યોજાયેલ આ કાર્યક્રમમા તાલીમમાં જોડાયેલી ૧૫ દિવ્યાંગ બહેનોને ઉષા સિલાઇ મશીન નિ:શુલ્ક આપવામાં આવ્યું.

અન્ય મુખ્ય મહેમાનોમાં શ્રીમતી નીપાબેન પટેલ( ચેર પર્સન નિવેદિતા ફાઉન્ડેશન મહિલા મોરચા, પ્રદેશ મંત્રી ભાજપા), શ્રી મનીષભાઈ પટેલ (ઉપ-પ્રમુખ ચારોત્તર વિદ્યામંડળ), શ્રી શીતલભાઇ પટેલ (સેક્રેટરી સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ), શ્રીમતી આશાબેન દલાલ (પ્રમુખ જાગૃત મહિલા સંઘ) શ્રીમતી હની જય કુમાર પટેલ, જયભાઈ પટેલ (જમીનના દાતા) ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આણંદ જિલ્લામાં મહિલાઓ માટે સામાજિક કાર્ય કરતી સંસ્થાઓના અનેક પ્રતિનિધિ હાજર રહ્યા.જેમાં ઉષા ઇન્ટરનેશનલના સ્ટેટ હેડ વિજયકુમાર, રાખીબેન શાહ, સંસ્થાના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પટેલ, ઉપ-પ્રમુખ મેઘનાબેન જોશી પૂર્ણિમાબેન પટેલ, ખજાનચી તુષારભાઈ પટેલ, માનદ મંત્રી ચંદ્રકાંતભાઈ સોલંકી, ટ્રસ્ટી ભારતીબેન પટેલ, રંજનબેન વાઘેલા, સુધાબેન પટેલ, રાધાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. અન્ય મહિલાઓની સૂચક હાજરી વચ્ચે સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના એડમિનિસ્ટ્રેટર ચાંદની બેન ઓઝા દ્વારા કરવામાં આવ્યું. સંસ્થાની હાલની સેવાકીય પ્રવૃત્તિ તથા ભવિષ્યના લક્ષ્યાંકો સાથે આભાર વિધિ સંસ્થાના ઉપપ્રમુખ ડો.મેઘનાબેન જોશી દ્વારા કરવામાં આવી. મહેમાનોનું સ્વાગત પરિચય સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ પટેલ દ્વારા કરવામાં આવ્યું.સંસ્થાના પ્રજ્ઞાચક્ષુ બાળકોની સુંદર પ્રાર્થના સાથે શરૂ થયેલા આ કાર્યક્રમમાં સંસ્થાના સમગ્ર કર્મચારી ગણ, લાભાર્થી બહેનો ઉષા કંપનીના ટ્રેનર તથા અન્ય મદદનીશ કર્મચારીઓનો સુંદર સહકાર સહકાર મળ્યો હતો.

## સ્માર્ટ ગ્લાસ વિતરણ




તા-4/11/2023 ના રોજ ડી.એન.હાઇ સ્કૂલ ખાતે ડો. શિવાની ભટ્ટ ની સ્મૃતિમાં ડોક્ટર "શિવાની ભટ્ટ ચેરીટેબલ ફાઉન્ડેશન" દ્વારા શ્રી હેમંત ભટ્ટ તથા બિંદીયાબેન ભટ્ટ દ્વારા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ થી સજ્જ ચશ્મા દ્વારા પ્રજ્ઞાચક્ષુ બાળકોના જીવનના સશક્તિકરણ અર્થે લગભગ 45 જેટલા બાળકોને એ આઈ ચશ્મા નું વિતરણ કરવામાં

આવ્યું .જેમાં પરમ પૂજ્ય ,પદ્મભૂષણ સ્વામીશ્રી સચ્ચિદાનંદ જી (અગાસ આશ્રમ) ઉમરેઠ સંતરામ મંદિરના પૂજ્ય સ્વામી શ્રી ગણેશદાસજી મહારાજ, પ.પૂજ્ય જશભાઈ સાહેબજી(અનુપમ મિશન) રાષ્ટ્રીય અંધજન મંડળ, અમદાવાદના સેક્રેટરી શ્રી તારક ભાઈ લુહાર, ચરોતર એજ્યુકેશન સોસાયટીના મંત્રી શ્રી કે ડી પટેલ, તથા અન્ય મહેમાનોની સૂચક હાજરી વચ્ચે આ ખૂબ જ સુંદર કામ સ્વામી શ્રી ના આશીર્વાદ વચનો સાથે સંપન્ન થયું. રાષ્ટ્રીય અંધજન મંડળના બાળકોની ભાવ સભર પ્રાર્થના સાથે શરૂ થયેલ આ કાર્યક્રમમાં વિવિધ સેવાભાવી સંસ્થાઓ તથા અન્ય ડોક્ટર મિત્રો તેમજ બાળકો હાજર રહ્યા હતા. પોતાની સ્વર્ગસ્થ દીકરી ડો. શિવાની ની યાદોને જીવંત રાખવાના અનોખા સેવા યજ્ઞ ના આ અનોખા કામ માટે ડોક્ટર હેમંત ભટ્ટ તથા ડોક્ટર બિંદિયા બેન ભટ્ટના આ અનન્ય પ્રયાસને" પ્રોજેક્ટ સ્માઈલ" નામ આપીને સાચે જ દ્રષ્ટિ દિવ્યાંગ બાળકોને મુખ પર સ્મિત ખીલવવાનું પ્રશંસનીય કાર્ય કરવા બદલ કોટી કોટી વંદન🙏

## ગીત સંગીત કાર્યક્રમ



તા-9/12/2023 ના રોજ રાના કરણસિંગ યોગ અભિયાન દ્વારા દિવ્યંગ બાળકો માટે સંગીત નો કાર્યક્રમ રાખેલ .જેમાં રાષ્ટ્રીય અંધજન મંડળ,આણંદ ના વિધ્યાર્થીઓ એ ભાગ લીધેલ.કાર્યક્રમ માં સંસ્થા ના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ પટેલ ઉપસ્થિત રહેલ.

## વૈષ્ણવ દેવી પ્રવાસ

તા-10/12/203 ના રોજ રાષ્ટ્રીય અંધજન મંડળ ,આણદ જિલ્લા શાખા ના દસ વિધ્યાર્થિનીઓ ને વૈષ્ણવદેવી પ્રવાસ અમદાવાદ ના દાતાશ્રી દ્વારા લઈ જવા માં આવ્યા.

## ડાકોર પ્રવાસ



તા-16/12/2023 ના રોજ રાષ્ટ્રીય અંધજન મંડળ,આણંદ જિલ્લા શાખા ના 43 વિધ્યાર્થીઓ ને હેલ્પ ફ્રીન્ડ્સ ગ્રુપ દ્વારા ડાકોર દર્શન કરી ભોજન ની વ્યવસ્થા કરેલ. આ પ્રવાસ માં સંસ્થા ના વિધ્યાર્થીઓ તેમજ પ્રમુખશ્રી મહેન્દ્રભાઇ પટેલ અને સ્ટાફ મિત્રો પણ જોડાયેલા.

## ગાયત્રી હવન




તા. ૧૭-૧૨-૨૦૨૩ ના રોજ રાષ્ટ્રીય અંધજન મંડળ આણંદ જિલ્લા શાખામાં સુંદરજીવન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પંચકુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે કરમસદ સંતરામ મંદિરના મોરારીદાસ મહારાજ ઉપસ્થિત રહી સંસ્થાના કાર્યો ની પ્રશંસા કરી તેમજ નવા સંકુલના નિર્માણ માટે આશીર્વાદ આપ્યા હતા. ગાયત્રી પરિવાર સારસા તેમજ પ્રજ્ઞાચક્ષુ બાળકો દ્વારા પંચકુંડી ગાયત્રી યજ્ઞ કરવામાં આવ્યો. આ પ્રસંગે નીપાબેન પટેલ (આણંદ જિલ્લા ભાજપ મહિલા મોરચા મંત્રી), રાખીબેન શાહ, મિનેશભાઇ શાહ, જાગૃતિબેન, અમનભાઇ મહેતા, કેતનભાઈ પટેલ, રમેશભાઈ પટેલ (બોરિયાવી) ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે રાષ્ટ્રીય અંધજન મંડળ - આણંદના સુમિબેન પટેલ, હેતલબેન હિંગુ, રંજનબેન વાઘેલા, ગંગદાસભાઈ આહીર, દયાળભાઈ કતપરા ઉપસ્થિત રહ્યા હતા.

પ્રજ્ઞાચક્ષુ બાળકો તેમજ આવેલ મહેમાનોના હાથમાં ભગવાન શ્રીરામની ધજા સાથે ભજન ગવડાવવામાં આવ્યું. સુંદરજીવન ટ્રસ્ટ દ્વારા બાળકોને પેનડ્રાઈવ આપવામાં આવી. કાર્યક્રમનુ સંચાલન મનીષાબેન સોલંકી દ્વારા કરવામાં આવ્યું. રાષ્ટ્રીય અંધજન મંડળના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પટેલ દ્વારા સર્વે મહેમાનગણ નો આભાર વ્યક્ત કર્યો.

## રક્તદાન કેમ્પ




**તારીખ 20/12/2023 ના રોજ સ્વ . મંગલા બા નાજન્મદિવસ નિમિત્તે કોમ્ફી પરિવાર અને રેડ ક્રોસ સોસાયટી ,આણંદ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કરવામાં આવેલ, જેમાં રાષ્ટ્રીય અંધજન મંડળ, આણંદ જિલ્લા શાખા ના પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી- ઓડેદરા ભુટો ,કોલી માવજી, રાઠવા વર્સન, પઢીયાર મુકેશ, મોહનિયા પંકજ, મકવાણા હસમુખ ,આહીર વશરામ એ રક્તદાન કરી સમાજને ઉમદા ઉદાહરણ પૂરું પાડેલ છે। રક્તદાન કેમ્પમાં સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ ,ઉપપ્રમુખ શ્રીમતીબેન જોશી ,જાગૃતીબેન પટેલ તથા અન્ય કર્મચારી અને પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ .સંસ્થા ના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ તેમજ ઉપપ્રમુખ શ્રીમતી મેઘનાબેન જોશી દ્વારા પ્રજ્ઞાચક્ષુ બાળકોને તેમના ઉમદા કાર્ય માટે અભિનંદન પાઠવ્યા હતા.**

## દાતા શ્રી ના જન્મદિવસ ની ઉજવણી



તા-24/12/2023 ના રોજ શ્રીજી કન્સ્ટ્રકશન,કરમસદ ના વડીલ પૂજ્ય બા ના 83 માં જન્મદિન ની ઉજવણી રાષ્ટ્રીય અંધજન મંડળ,આણંદ ના પ્રજ્ઞાચક્ષુ વિધ્યાર્થીઓ સાથે વિધ્યાર્થીઓ દ્વારા કેક કાપી ઉજવણી કરવામાં આવી.ત્યાર બાદ ભોજન ની પણ વ્યવસ્થા રાખવામા આવેલ.

## અટલ બિહારી બાજપાઈજી ના જન્મદિન ની ઉજવણી



તા-26/12/2023 ના રોજ રાષ્ટ્રીય અંધજન મંડળ,આણંદ ના વિધ્યાર્થીઓ દ્વારા કરમસદ ખાતે ચારિત્ર, નીતિ, નિષ્ઠા ,સુશાસન અને વચનબદ્ધતામાં "અટલ" એવા ભારતીય રાજનીતિના શિખર પુરુષ શ્રદ્ધેય શ્રી અટલ બિહારી બાજપાઈના જન્મ જયંતી નિમિત્તે કરમસદ ખાતે સુશાસન દિવસની ઉજવણીમાં રાષ્ટ્રીય અંધજન મંડળના પ્રજ્ઞાચક્ષુ બાળકોને અનેરો લાવો મળ્યો. શ્રી અટલ બિહારી બાજપાઈ ની કવિતા નું પઠન, દેશભક્તિ ગીત ,સંગીત તથા અન્ય પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને આનંદ કરાવીને સાથે અમુલ કીટનું વિતરણ કરવામાં આવ્યું.આ અવસરે જિલ્લા પ્રમુખશ્રી રાજેશભાઇ પટેલ, સાંસદશ્રી મિતેષભાઈ પટેલ,વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને બોરસદના ધારાસભ્યશ્રી રમણભાઈ સોલંકી, આણંદના ધારાસભ્ય શ્રી યોગેશભાઈ પટેલ (પેટલાદના ધારાસભ્યશ્રી કમલેશભાઈ પટેલપૂર્વ સાંસદશ્રી દિલીપભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પ્રમુખ શ્રી મહેશભાઈ પટેલ, જિલ્લા મહામંત્રીશ્રી જગતભાઈ પટેલ, શ્રી સુનિલભાઈ શાહ, શ્રી રણજીતસિંહ ચૌહાણ, જિલ્લા મંત્રીશ્રી હીનાબેન ભટ્ટ, પ્રદેશ મહિલા મોરચા મંત્રીશ્રી નિપાબેન પટેલ, પ્રદેશ કિસાન મોર્ચા ઉપાધ્યક્ષ શ્રી દિપકભાઇ પટેલ,અમૂલ ડેરીના વાઇસ ચેરમેન શ્રી કાંતિભાઈ સોઢા પરમાર સહિત જિલ્લા સંગઠનાં પદાધિકારી અને કરમસદ શહેર સંગઠન પ્રમુખ શ્રી સુનીતભાઇ પટેલ , શહેર મહામંત્રી શ્રી મેહુલભાઇ પટેલ, તથા કરમસદ નગરપાલિકા પુર્વ પ્રમુખ શ્રી નિલેશભાઇ પટેલ અને કરમસદ શહેર સંગઠન ના હોદેદારો, પુર્વ નગરપાલિકા સભ્યો તથા કાર્યકર્તાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.સંસ્થાના ઉપપ્રમુખ શ્રીમતી ડો. મેઘના જોશીએ સંસ્થાનો પરિચય આપ્યો હતો તથા પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલે સંસ્થાના બાળકોને આવો આનંદનો અદભુત અહેસાસ કરાવ્યા બદલ જિલ્લા ભાજપ સંગઠનનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.પાંચવર્ષની નાનકડી પ્રજ્ઞાચક્ષુ દીકરી મેશ્વા પટેલ પાસે સુંદર ભજન ગીત ગવડાવીને બાજપાઈજીના જન્મ જયંતી પ્રસંગે તેના હસ્તે કેક કાપવામાં આવી.

## જુનાગઢ સ્પર્ધા



તા-31/1/2024

## બ્રેલ જન્મ જયંતિ ની ઉજવણી



તા-4/1/2024 ના રોજ પ્રજ્ઞાચક્ષુ(અંધજન)લોકોના જીવનને જીવંતતા આપતી ભાષા બ્રેઇન લિપિ શોધનાર શ્રી લુઇસ બ્રેઇલના જન્મદિન નિમિત્તે જૈન મહિલા મંડળની બહેનોના ગ્રુપ સાથે રાષ્ટ્રીય અંધજન મંડળના બાળકોએ જન્મદિનની ઉજવણી કરી સંસ્થાના બાળકોએ લુઇસ બ્રેલનો જીવનવૃતાંત સંભળાવ્યું તથા બ્રેઇલ લિપિ નું તેમના જીવનમાં કેટલું મહત્વ છે તે સમજાવ્યું તથા કેટલીક બ્રેઇલ ગેમ રમીને બતાવ્યા સાથે સુંદર ભજન તથા ગીત ગાઈ ને આવેલ મહેમાનોને આશ્ચર્યચકિત કરી અને ખુશ કર્યા. મહેમાનો તરફથી સંસ્થાના બાળકોને આજનું ભોજન સ્પોન્સર કરવામાં આવ્યું. આ પ્રસંગે સમગ્ર કર્મચારી ગણના સુંદર સહકાર સાથે સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ તથા ઉપપ્રમુખ શ્રી મેઘા જોશી એ આવેલ મહેમાન બહેનોને સંસ્થા પરિચય તથા બાળકોની રોજબરોજની જીવન પદ્ધતિ વિશે માહિતી આપી.

## બ્રેઈલ જન્મજયંતી ની ઉજવણી



તારીખ:૫-૧-૨૦૨૪ના રોજ રાષ્ટ્રીય અંધજન મંડળ, આણંદ અને ભાઈકાકા ગ્રંથાલય, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે લુઇસ બ્રેઇલની જન્મજયંતિ નિમિત્તે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે ટેકનોલોજી અવેરનેસ કાર્યક્રમનું ભાઈકાકા ગ્રંથાલય ખાતે આયોજન કરાયું. રાષ્ટ્રીય અંધજન મંડળ, આણંદના અંદાજિત ૧૦૦ જેટલા પ્રજ્ઞાચક્ષુ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ અને તેઓના શિક્ષકો, યુનિવર્સિટીના વિવિધ વિભાગના વિદ્યાર્થીઓ, અધ્યાપકશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ અને વહીવટી વિભાગના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે કા. કુલપતિશ્રી પ્રોફે.ડૉ. નિરંજનભાઈ પટેલે તેમના પ્રવચનમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટી તરફથી દરેક પ્રકારની વિદ્યાર્થીઓને સગવડો કરી આપવાની ખાતરી આપી હતી. તેમજ દિવ્યાંગ વિદ્યાર્થીઓને જરૂરી એવા ડિપ્લોમાં કે ડિગ્રી કે સર્ટિફિકેટ કોર્સ યુનિવર્સિટી ખાતે ચાલુ કરવાનું પણ જણાવેલ. તેમજ યુનિવર્સિટી ખાતે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે બ્રેઇલ ચેર ચાલુ કરવાનું જણાવેલ. કાર્યક્રમાના અતિથિવિશેષ શ્રી રાજેશભાઈ પટેલે ગુણવત્તાસભર કાર્યક્રમ

ગણાવી પ્રશંસા કરેલ હતી. આજના મુખ્ય વકતા શ્રી રણછોડભાઈ સોની, ટેક્નોહેડ, એન.એ.બી. રાજ્યશાખા, અમદાવાદે હાલના વર્તમાન સમયમાં ઉપલબ્ધ વિવિધ ટેકનોલોજીઓ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ છે તેની માહિતી આપેલી. આ પ્રસંગે રાષ્ટ્રીય અંધજન મંડળ, આણંદના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ, તેમજ મંત્રીશ્રી તારકભાઈ લુહાર ઉપસ્થિત રહીને દિવ્યાંગ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કા.યુનવિસાટી ગ્રંથપાલશ્રી ડૉ.શિશિર માંડલીયાએ સ્વાગત પ્રવચનથી સૌને આવકાર્યા હતા. રાષ્ટ્રીય અંધજન મંડળ, આણંધ્ના ઉપપ્રમુખશ્રી મેઘનાબેન જોશી દ્વારા સંસ્થાની પ્રવૃતિઓ વિશે ટૂંકમાં પરિચય આપેલ. સંસ્થાના ઉમદા કાર્યો કરનાર હોદ્દેદારોને સન્માનિત કરેલ હતા. રાષ્ટ્રીય અંધજન મંડળ, અમદાવાદના ટેકનોહેડ શ્રી રણછોડભાઈ સોનીએ કીબો મશીન અને ઓરબીટ ટુલ વિશે દિવ્યાંગ વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ પ્રેઝન્ટેશન દ્વારા વિસ્તૃત છણાવટભરી સમજ આપી હતી. કાર્યક્રમના અંતે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ.ભાઇલાલભાઈ પટેલે આભાર વિધિ કરેલ હતી..

## બ્રેઈલ જન્મજયંતી ની ઉજવણી




તા-6/1/2024 ના રાષ્ટ્રીય અંધજન મંડળ, આણંદ માં ડી.જે.હોસ્ટેલ ખાતે બ્રેલ લેખન,વાંચન સ્પર્ધા તેમજ વકરુત્વ સ્પર્ધા નું આયોજન કરવામાં આવેલ. તેમાં બહોળા પ્રમાણ માં વિધ્યાર્થીઓ એ ભાગ લીધેલ. અને વિજેતાઓ ને પ્રથમ,દ્વિતીય,તૃતીય નંબર આપવા માં આવ્યા અને વિજેતા ને રોકડ પુરસ્કાર થી સન્માનીત કર્યા .

## મકરસક્રાંતિ ની ઉજવણી



તા-14/1/2024 ના રોજ રાષ્ટ્રીય અંધજન મંડળ, આણંદ ખાતે પ્રજ્ઞાચક્ષુ વિધ્યાર્થીઓ સાથે ઉતરાયણ ની ઉજવણી કરવા માં આવી.આ પ્રસંગે સંસ્થા ના પ્રમુખશ્રી મહેન્દ્રભાઇ પટેલ,ઉપપ્રમુખ શ્રીમતી મેઘનાબેન જોશી ઉપસ્થિત રહેલ.પતંગ,દોરા અને સાથે શીંગ,તલ ની ચીકી નો સ્વાદ માણ્યો હતો.

# 26 જાન્યુઆરી ઉજવણી



રાષ્ટ્રીય અંધજન મંડળ આણંદ જિલ્લા શાખામાં 75 માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે કાર્યક્રના મુખ્ય મહેમાન તરીકેશ્રી હર્ષદભાઈ મહેતા (dairecter highlight cable pvt ltd )દ્વારા ધ્વજ વંદન કરવામાં આવ્યું તથા તેમના દ્વારા પ્રાસંગિક ઉદબોધન દ્વારા પ્રજ્ઞાચક્ષુ સમાજ ની ઉતમ સેવા બદલ સંસ્થા તેમજ ટ્રસ્ટી ગણ ની પ્રસંશા કરેલ .તેમજ આમંત્રિત મહેમાન તરીકે ડો.મહેન્દ્રભાઇ નાઈ (professor gujarati department,s.p.u), શ્રી મિહિરભાઈ પટેલ(shri Ram builder),શ્રી દિવ્યદીપભાઈ પટેલ (donar ,NAB ),સોનલબેન પટેલ (dhara foods),ડો.શ્રુતિબેન વાઘેલા (medical officer,phc v.v.nagar),જયદીપભાઈ પટેલ (જમીન ના દાતાશ્રી) ઉપસ્થિત રહ્યા હતા.શ્રી મહેન્દ્રભાઇ નાઈ એ ભારત દેશ ને રાષ્ટ્રગુરુ બનાવવા માટે અમૃતકાળ ના અભિયાન માં



સૌ એ જોડાઈ પોતાની શક્તિ ની દિશા માં પ્રયત્નો કરવા પ્રેરણાત્મક ઉદબોધન કર્યું હતું.તથા આ પ્રસંગે હજાર સૌ કોઈ મહેમાનો એ ભારતમાતા નું પૂજન કરી સંસ્થા ના પ્રજ્ઞાચક્ષુ બાળકો દ્વારા રજૂ થયેલ સુંદર દેશભક્તિ ગીતો ના ભાવાત્મક માહોલ ની વચ્ચે આમંત્રિત સૌ મહેમાનો દ્વારા ભરતમાતા નું પૂજન કરવા માં આવ્યું. પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીતોની લાગણી સભર રજૂઆત કરવામાં આવી .ઉપરાંત,જયંતિભાઈ પટેલ,શરદભાઈ અમિન ,હરીશભાઇ રાઠોડ,દીપેન પટેલ,રશ્મિકાંત પટેલ,હિતેશભાઇ પટેલ,પ્રવીણભાઈ સોલંકી,સંજયભાઈ પટેલ,પુજાબેન પટેલ,નીલાબેન પટેલ,નિતિનભાઈ પટેલ,જિગરભાઈ સોલંકી,દેવાનંદ અમિન ,રવિકાંત ભાઈ, નિર્મલ્કુમર જે.આઇ ,કોમલબેન,ટ્વિંકલ બેન પટેલ ઉપષ્થિત રહ્યા હતા.સંસ્થા માં યોજાયેલ વકરુત્વ ,બ્રેલ લેખન તેમજ વાંચન સ્પર્ધા માં ભાગ લીધેલ વિધ્યાર્થીઓ ને પ્રથમ,દ્વિતીય,તૃતીય આવનાર ને ઈનામ આપી સન્માનીત કરવામાં આવ્યા અને ભાગ લેનાર વિધ્યાર્થીઓ ને આશ્વાસન ઈનામ આપવા માં આવ્યા.સમગ્ર કાર્યક્રમ નું સંચાલન સંસ્થા ના પ્રજ્ઞાચક્ષુ વિધ્યાર્થી હર્ષલ મહાજન એ કરેલ.આ પ્રસંગે સંસ્થા ના ટ્રસ્ટી ભારતિબેન પટેલ, રંજનબેન વાઘેલા ઉપસ્થિત રહેલા.સંસ્થા ના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ પટેલે આવેલ મહેમાનો નું સ્વાગત કરેલ તેમજ સંસ્થા પરિચય સંસ્થા ના માનદ મંત્રી ચંદ્રકાંત ભાઈ પટેલ દ્વારા કરવા માં આવ્યું અને અભારવિધિ સંસ્થા ના ઉપપ્રમુખ ડો.મેઘનાબેન જોશી એ કરેલ.